**Gujarat Samachar Pg 7, 9th July 2022**

# આઈસી૧૫ ઈન્ડેક્સમાં વધુ ૪.૩૧ટકાની વૃદ્ધિ

મુંબઈ, તા. ૮: ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં શુક્રવારે શરૂઆતની વૃદ્ધિ બાદ પ્રોફિટ બુકિંગ થતાં ભાવ થોડા ઘટ્યા હતા. બીજી બાજુ, અમેરિકામાં સ્ટોક્સ ફ્યુચર્સમાં ઘટાડો નોંધાયો હતો. બિટકોઈન ૨૨,૨૦૦ની સપાટી તોડ્યા બાદ ૨૧,૪૦૦ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ શુક્રવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૪.૩૧ ટકા (૧,૧૯૪ પોઈન્ટ) વધીને ૨૮,૮૬૨ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૨૭,૬૬૭ ખૂલીને ૨૯,૯૮૮ સુધીની ઉપલી અને ૨૭,૪૬૦ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો. ઈન્ડેક્સના તમામ ઘટકના ભાવમાં ઘટાડો નોંધાયો હતો.